## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર આણંદ કૃષિ યુનિવર્સિટી દેવાતજ ખાતે "મહિલા સશક્તિકરણ" કાર્યક્રમની ઉજવણી

"મહિલા સશક્તિકરણ પખવાડીયા" તરીકે તા.૦૧/૦૮/૨૦૧૫ થી તા.૧૪/૦૮/૨૦૧૫ ઉજવણી અંતર્ગત અત્રેના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા તા.૬/૮/૨૦૧૫ ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે "પશુપાલન વ્યવસાયથી મહીલા સશક્તિકરણ" વિષય પર તાલીમ કાર્યક્રમ યોજાઇ. આ કાર્યક્રમમાં સોજીત્રા તાલુકામાંથીમઘરોલ, દેવાતજ અને પલોલ ગામની પશુપાલક બહેનો હાજર રહેલ હતી.

જેમાં મુખ્ય મહેમાન તરીકે સોજીત્રા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી સરોજબેન મહેન્દ્રભાઇ ગોહેલ હાજર રહેલ. જેઓએ મહિલાઓને આવા કાર્યક્રમોમાં અવાર નવાર આવી  વધારે ને વધારે લાભ લેવાનું સુચન કર્યું. કાર્યક્રમની શરૂઆતમાં ડો. જી. જી. પટેલ પ્રોગ્રામ કોઓર્ડીનેટર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજએ  દ્વારા મહિલાઓને આ કાર્યક્રમનો હેતુ સમજાવ્યો

ટેકનીકલ સેશનમાં ડો.અંકિતા કિલ્લેદાર,સંશોધન વૈજ્ઞાનિક અને ડો. એન. પી. સરવૈયા, સહ સંશોધન વૈજ્ઞાનિક,  આર. બી. આર. યુ.,  આ.કૃ.યુ.,આણંદે પશુપાલન વ્યવસાય દ્વારા "મહીલા સશક્તિકરણ" વિષય પર અને "પશુઓમાં પ્રજનન અંગેની માહીતી અને માવજત' પર વ્યાખ્યાન આપ્યુ.

શ્રીમતિ અમિતાબેન પરમાર, વૈજ્ઞાનિક, કૃ.વિ.કે., દેવાતજ દ્વારા "બાગાયતી પાકોમાં મૂલ્યવર્ધનથી મહીલા સશક્તિકરણ" ની માહિતી આપી તેમજ ડો. એસ.બી.કાટોલે, વૈજ્ઞાનિકે "પશુ આહારનું આયોજન અને મૂલ્યવર્ધનથી મહિલા સશક્તિકરણ' પર વ્યાખ્યાન આપ્યુ અને પશુપાલન વિષય પર ચર્ચા કરી

